

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

now on Internet www.janfariyad.com

अब तो एक ही आग ''जन फरियाद''

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રીઃ પ્રદિપ રાવલ

સહતંત્રી : મીનાક્ષી રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

**Gandhinagar Office :** Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-29 ■ અંક-14 ■ તા. 20-04-2025 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેકટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

# શાંતિ કરાર કરો, નહીંતર અમારે નથી કરવી મધ્યસ્થતાઃ અમેરિકા



રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા ઘણા સમયથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધ પર પૂર્ણવિરામ મૂકવાનો પ્રયાસ કરી રહેલા અમેરિકાએ હવે કડક શબ્દોમાં બંને દેશોને ચીમકી આપી છે. અમેરિકાએ કહ્યું છે કે, જો યુદ્ધ મુદ્દે સમાધાન નહીં થાય તો તેઓ પાછળ હટી જશે. પેરિસમાં યુરોપિયન અને યુક્રેનના નેતાઓ સાથે મુલાકાત સમયે અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રૂબિયોએ જણાવ્યું હતું કે, જો શાંતિ કરાર મામલે સ્પષ્ટ સંકેત નહીં મળે તો અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચે શાંતિ કરાર માટે વાતચીત કરવાના તમામ પ્રયાસોમાંથી પીછેહટ કરશે.

રૂબિયોએ જણાવ્યું હતું કે, અમે આ શાંતિ કરારનો પ્રયાસ અઠવાડિયા, મહિના સુધી જારી નહીં રાખી શકીશું નહીં. આથી આપણે ઝડપથી નિર્ણય લેવાની જરૂર છે. હું થોડા જ દિવસોની વાત કરી રહ્યો છું. આગામી થોડા સપ્તાહમાં જ નિર્ણય લેવામાં આવશે તો અમે મધ્યસ્થી રહીશું. જો નિર્ણય નહીં લેવાય તો અમે બહાર નીકળી જઈશઉં. અમારે અન્ય પ્રાથમિકતાઓ પર પણ ધ્યાન આપવુ પડશે. રૂબિયોએ પેરિસમાં યુરોપિયન અને યુક્રેનના નેતાઓ સાથે મુલાકાત બાદ આ નિવેદન આપ્યું હતું.

રૂબિયોએ જણાવ્યું કે, ટ્રમ્પ હજી પણ આ કરારમાં રૂચિ ધરાવે છે. પરંતુ તેમાં કોઈ સફળતા મળી રહી નથી. જેથી તેઓ પીછેહટ કરવા તૈયાર છે. નોંધનીય છે, ટ્રમ્પે પોતાના ચૂંટણી અભિયાન દરમિયાન પોતાના પ્રમુખ બન્યાના ૨૪ કલાકની અંદર યુદ્ધ સમાપ્ત કરવાનું વચન આપ્યું હતું. પરંતુ હજી સુધી આ મામલે કોઈ નક્કર ઉકેલ આવ્યો નથી. અનેક પડકારો વધતાં તેમણે એપ્રિલથી મે સુધીમાં આ યુદ્ધમાં શાંતિ કરાર કરવાની ભલામણ કરી હતી. ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ રશિયા પર શાંતિ કરાર મંત્રણામાં રોડા નાખી રહ્યુ હોવાનો આરોપ મૂક્યો હતો. તેમજ ધમકી પણ આપી હતી કે, જો રશિયા સીઝફાયરના પ્રયાસોમાં રોડા નાખશે તો તેઓ રશિયન ક્રૂડ પર ૨૫થી ૫૦ ટકા ટેરિફ લાદશે. વધુમાં હાલમાં જ રશિયા દ્વારા યુક્રેનના સુમી શહેરમાં બેલિસ્ટિક મિસાઈલ વડે હુમલાની પણ નિંદા કરી હતી. ટ્રમ્પે આ હુમલાને અયોગ્ય અને નિંદનીય પુરવાર કર્યો હતો. જેમાં ૩૪ લોકો માર્યા ગયા હતાં. તેમજ ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા હતા.

## સચિવાલય સુધી મેટ્રો રેલ સેવા અંતિમ પડાવમાં, શનિવારે સેફટી કમિશનર ઈન્સ્પેક્શન કરશે



મેટ્રો રેલ સેવાને સચિવાલય સુધી આગામી જૂન માસમાં ચાલુ કરવાની હોવાથી તેની સેફટીને લઈને કોઈપણ પ્રકારની કચાશ રહે નહી તેના માટે મેટ્રો રેલ સેફટી કમિશનર ૧૯મી, શનિવારે મોટેરાથી સચિવાલય અને ગીફટ સીટી સુધીના રૂટનું નિરીક્ષણ કરવામાં આવશે. સવારે ૮થી બપોરે ૧૨-૩૦ કલાક સુધી નિરીક્ષણ કામગીરી ચાલવાની હોવાથી મેટ્રો રેલ સેવા બંધ રાખવામાં આવશે. પરંતુ સેક્ટર-૧ મેટ્રો રેલ સ્ટેશનથી બપોરે ૧૨.૫૮ કલાકે પ્રથમ મેટ્રો રેલ ઉપડશે. પાટનગરવાસીઓને મેટ્રો રેલ સેવાનો લાભ મળી રહ્યો છે.

જોકે હાલમાં સેક્ટર-૧ સુધી જ આવેલી મેટ્રો રેલ સેવાને આગામી સમયમાં સચિવાલયના કર્મચારીઓને પણ લાભ મળી રહે તે માટે સચિવાલય સુધી મેટ્રો રેલ સેવા આગામી જૂન માસમાં શરૂ કરવામાં આવનાર છે. જોકે સેક્ટર-૧ મેટ્રો રેલ સ્ટેશનથી સચિવાલય સુધીનો ટ્રાયલ રન ગત તારીખ ૧૯મી, માર્ચ-૨૦૨૫ માસમાં યોજવામાં આવ્યો હતો. મેટ્રો રેલનો ટ્રાયલ રન ઓકે રહેતા તેની પછીની કામગીરીના ભાગરૂપે સેક્ટર-૧થી સચિવાલય સુધીના મેટ્રો રેલ ટ્રેકની સેફટીના મામલે ચકાસણી કરવામાં આવતી હોય છે. મેટ્રો રેલ ટ્રેકની સેફટીનું નિરીક્ષણ મેટ્રો રેલ સેફટી કમિશનર પોતાની ટીમ દ્વારા કરવામાં આવતું હોય છે. આથી તારીખ ૧૯મી, એપ્રિલ, શનિવારના રોજ મેટ્રો રેલ સેફટી કમિશનર મોટેરા સ્ટેડિયમથી સચિવાલય અને ગીફટ સીટી સુધીના મેટ્રો ટ્રેકના સેફટીનું નિરીક્ષણ કરશે. ઉપરાંત મેટ્રો રૂટ ઉપર આવેલા સ્ટેશનમાં પણ મુસાફરોની સેફટીની સાથે સાથે જરૂરી સુવિધા મળી રહે તેવી સગવડ ઉભી કરાઇ છે કે નહી તેનું પણ નિરીક્ષણ મેટ્રો રેલ સેફ્ટી કમિશનર દ્વારા કરવામાં આવશે. મેટ્રો રેલ સેફટી કમિશનર દ્વારા ૧૯મી, શનિવારે સવારે ૮ કલાકથી બપોરે ૧૨-૩૦ કલાક સુધી મોટેરા સ્ટેડિયમથી સચિવાલય અને ગીફટ સીટીના રૂટનું નિરીક્ષણ કરશે.

મેટ્રો રેલ સેફટી કમિશનર દ્વારા સેફ્ટીના નિયત કરેલા માપદંડોનું પાલન કરવામાં આવે છે કે નહી સહિતના પાસાઓનો અભ્યાસ કરવામાં આવશે. આથી મેટ્રો રેલ સવારે ૮ કલાકથી રાત્રે ૮-૧૪ કલાક સુધી દોડે છે. તેમાં શનિવારે સવારથી બપોર સુધી મેટ્રો રેલ બંધ રખાશે. આથી શનિવારે પ્રથમ મેટ્રો રેલ બપોરે ૧૨-૫૮ કલાકે સેક્ટર-૧ના મેટ્રો રેલ સ્ટેશનથી ઉપડશે. તેવી રીતે બપોરે ૧-૧૨ કલાકે મોટેરા સ્ટેડિયમથી પ્રથમ મેટ્રો રેલ પ્રસ્થાન કરશે તેમ મેટ્રો રેલ વિભાગના માહિતગાર સૂત્રોએ જણાવ્યું છે. મેટ્રો સેવા શરૂ થતાં હજુ મહિનાથી વધુ સમય લાગશે મોટેરાથી સચિવાલય સુધી મેટ્રો રેલ સેવાને આગામી બે માસમાં શરૂ કરવામાં આવનાર છે. ત્યારે મેટ્રો રેલ સેફટી કમિશનર દ્વારા નિરીક્ષણ કરવામાં આવશે. મેટ્રો રેલ કમિશનર દ્વારા સેફટીની નિરીક્ષણ કર્યા બાદ તેનો રિપોર્ટ તૈયાર કરાશે. રિપોર્ટના આધારે સચિવાલય સુધી મેટ્રો રેલ લાઈનમાં સુધારા વધારા માટે કરેલા સુચનાના આધારે જરૂરી સુધારા વધારા કરવામાં આવશે. ત્યારબાદ મેટ્ર રેલના સતત ટ્રાયલ યોજવામાં આવશે. ખામીઓ દૂર થયા બાદ પેસેન્જર રન ચાલુ કરવાની મંજૂરી આપવામાં આવશે મુસાફરોની સલામતીને ધ્યાનમાં રાખીને મેટ્રો રેલનો મોટેરા સ્ટેડિયમથી સચિવાલય સુધી મેટ્રો સેફ્ટી કમિશનર દ્વારા નિરીક્ષણ કર્યા બાદ રિપોર્ટમાં દર્શાવેલા ત્રુટીઓને દુર કરવાની કામગીરી કરાશે. જોકે રિપોર્ટમાં કેટલી ભૂલો છે તેના આધારે તેમાં સુધારા વધારા કરવાનો સમય લાગતો હોય છે. જરૂરી તમામ પ્રકારના ત્રુટીઓને દુર કર્યા બાદ મેટ્રો રેલ સેફટી કમિશનર દ્વારા મંજુરી આપ્યા બાદ મેટ્રો રેલ સેવાને સચિવાલય સુધી શરૂ કરવાની મંજુરી અપાશે.

## ગાંધીનગરમાં ગરમીની અસર વધીઃ૧૦૮ એમ્બ્યુલન્સને દોઢ મહિનામાં ૬૭ કોલ

ગાંધીનગરમાં ગરમીની અસર વધતાં લોકોના સ્વાસ્થ્ય પર વિપરીત અસર જોવા મળી રહી છે. ૧ માર્ચથી ૧૫ એપ્રિલ સુધીના દોઢ મહિનામાં ૧૦૮ એમ્બ્યુલન્સને ગરમી સંબંધિત ૬૭ કોલ મળ્યા છે. આમાં સૌથી વધુ હાઈ ફીવરના ૫૮ કેસ નોંધાયા છે. માર્ચ મહિનામાં હાઈ ફીવરના ૩૯ અને એપ્રિલના પ્રથમ પખવાડિયામાં ૧૯ કોલ મળ્યા છે. આ ઉપરાંત હીટ ઈલનેસના ૨, પેટના દુખાવાના ૩ અને ઝાડા-ઉલટીના ૫ કેસ નોંધાયા છે. ગત વર્ષે ૧ એપ્રિલથી ૧૨ મે દરમિયાન ૧૦૮ને માત્ર ૪૮ કોલ મળ્યા હતા. હરિયાળા પાટનગર તરીકે જાણીતા ગાંધીનગરમાં વૃક્ષોની ઘટતી સંખ્યા અને ગ્લોબલ



વૉર્મિંગના કારણે ગરમીનું પ્રમાણ વધ્યું છે. તબીબોના મતે, સામાન્ય રીતે શરીરનું તાપમાન ૩૭ ડિગ્રી સેલ્સિયસ સુધી હોય ત્યારે અવયવો યોગ્ય રીતે કાર્ય કરે છે. હીટ સ્ટ્રોકથી બચવા માટે નિષ્ણાતો બપોરે આરામ કરવાની, વધુ પ્રવાહી લેવાની અને દિવસમાં બે વાર ઠંડા પાણીથી સ્નાન કરવાની સલાહ આપે છે. વધુમાં હળવા, સુતરાઉ અને સફેદ કપડાં પહેરવાની ભલામણ કરવામાં આવે છે.

## દર્દીઓને વધુ સારી આરોગ્ય સેવાઓ મળે તેની ખાસ તકેદારી રાખવા કેન્દ્રિય સેક્રેટરીની સૂચના

ઓપીડી અને ઇન્ડોર સારવાર અને નિદાન માટે આવતા દર્દીઓને વધુ સારી સગવડની સાથે સાથે આરોગ્ય સેવા મળી રહે તેવું આયોજન કરવા કેન્દ્રિય આરોગ્ય સેક્રેટરીએ સિવિલ હોસ્પિટલની મુલાકાત



દરમિયાન સુચન કર્યું હતું. વધુમાં ઓપીડીમાં અલગ અલગ વિભાગ માટે કલર કોડની સિસ્ટમને વખાણી હતી. લેબર વોર્ડમાં જોખમી સગર્ભા મહિલાઓને તેમજ ઓછા વજનવાળા અને પ્રિ-મેચ્યોર ડિલેવરીવાળા બાળકોને કેવી રીતે ટ્રીટમેન્ટ આપવામાં આવે છે. કેન્દ્ર સરકારની વિવિધ આરોગ્યલક્ષી યોજનાઓની સાથે સાથે આરોગ્ય સુવિધાઓને સુદ્રઢ કરવા માટે આપવામાં આવતી ગ્રાન્ટમાંથી કેવા પ્રકારની કામગીરી કરવામાં આવી તેની માહિતી લેવા માટે કેન્દ્રિય આરોગ્ય સેક્રેટરી બે દિવસથી ગાંધીનગરની મુલાકાતે આવ્યા છે. કેન્દ્રિય સેક્રેટરી પી.એસ.શ્રીવાસ્તવે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી. સૌ પ્રથમ કેસ બારીની તેમજ આભા કાર્ડ, પીએમજેવાય કાર્ડ સહિતની યોજનાઓની અમલવારી કેવી રીતે કરવામાં આવે છે તેની માહિતી મેળવી હતી. દર્દીઓ માટે કાઢવામાં આવતા કેસની સુવિધાને બિરદાવી હતી. ત્યારબાદ ઓપીડીની મુલાકાત વખતે અલગ અલગ ઓપીડીના વિભાગની સરળતાથી ઓળખ થઇ શકે તે માટે કલર કોડ સિસ્ટમ ઉપયોગ કરવામાં આવી છે તેને આરોગ્ય સેક્રેટરીએ ઉત્તમ ગણાવી હતી. ઓપીડી વિભાગના ઓર્થોપેડિક અને પિડિયાટ્રીક વિભાગની મુલાકાત લીધી હતી. તેમાં દરરોજની કેટલી ઓપીડી આવે છે કેવી કેવી બિમારીવાળા બાળકો વધુ આવે છે તેની માહિતી મેળવી હતી.

## કામરેજના ગળતેશ્વર નજીક દુઃખદ ઘટના, સુરતથી ફરવા આવેલા ત્રણના તાપી નદીમાં ડૂબી જતાં મોત

સુરતના કામરેજ તાલુકામાં કરૂણ ઘટના ઘટી છે. સુરતથી કામરેજના ગળતેશ્વર મહાદેવ ફરવા આવેલા ૫ લોકોમાંથી ૩ લોકો તાપી નદીમાં ડૂબી જતાં મોત નીપજ્યા છે. જેમાં એક મહિલા અને બે પુરૂષોનો સમાવેશ થાય છે. પ્રાપ્ત માહિતી અનુસાર કામરેજ તાલુકાના ટીબા ગામ પાસે આવેલા ગળતેશ્વર મહાદેવ મંદિરે સુરતથી ૫ લોકો ફરવા આવ્યા હતા.




આ દરમિયાન મંદિર પાસે વહેલી તાપી નદીમાં એક મહિલા અને બે પુરૂષો ડૂબી જતાં મોત નીપજ્યા હતા. બનાવની જાણ થતાં ફાયરની ટીમે ઘટનાસ્થળે પહોંચી હતી અને ત્રણેયના મૃતદેહોને બહાર કાઢ્યા હતા. તો બીજી તરફ ઘટનાની જાણ થતાં કામરેજ પોલીસ પણ ઘટનાસ્થળે પહોંચી ગઇ હતી અને આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## પેથાપુરમાં લગ્નની લાલચે યુવતી સાથે દુષ્કર્મ

પેથાપુરમાં રહેતી મહિલાએ પહેલા પ્રેમલગ્ન કર્યા હતા. તે દરમિયાન તેને લોનની જરૂરિયાત ઉભી થતા એજન્ટનો સંપર્ક કર્યો હતો. તે દરમિયાન મહિલાના પહેલા પતિ સાથે છુટાછેડા થઇ ગયા હતા. ત્યારબાદ લોન કરી આપનાર એજન્ટના સંપર્કમાં આવી હતી અને વાતચીત બાદ એજન્ટે મહિલાને ફોન કરી બોલાવી અડાલજ હોટલમાં લઇ ગયો હતો અને ત્યા લગ્નની લાલચ આપી દુષ્કર્મ આચર્યુ હતુ. જ્યારે લગ્નની વાત કરતા ધમકી આપી હતી કે, તારાથી થાય તે કરી લે, હું લગ્ન નથી કરવાનો. જેથી મહિલાએ એજન્ટ સામે અડાલજ પોલીસ માં દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

આશરે ૩૦ વર્ષીય યુવતીએ આશરે ૮ વર્ષ પહેલા શહેરના સેક્ટર ૨૪માં રહેતા



યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નથી એક દીકરીનો જન્મ થયો હતો. જ્યારે વર્ષ ૨૦૨૨માં પેથાપુર રહેવા ગયા હતા અને ત્યાં રૂપિયાની જરૂરિયાત ઉભી થતા લોન એજન્ટનો સંપર્ક કરવામાં આવ્યો હતો. કલોલના લોન એજન્ટ આકાશસિંહ જીતેન્દ્રસિંહ વાઘેલાનો સંપર્ક થયા બાદ ૩૫ હજારની લોન કરી આપી હતી. ત્યારબાદ લોનના હપ્તા બાબતે અવાર નવાર મહિલા અને એજન્ટ વાતચીત કરતા હતા.

થોડા સમય પછી મહિલાને તેના પતિ સાથે મનમેળ તૂટતાં બે વર્ષ પહેલા છુટાછેડા લીધા હતા. જ્યારે છુટાછેડા લીધા પછી મહિલા તેની દીકરી સાથે પેથાપુરમાં રહેતી હતી. તે સમયે લોન એજન્ટે મહિલાને ફોન કરી અડાલજ બોલાવી હતી. તે સમયે એજન્ટ મહિલાએ એક હોટલમાં લઇ ગયો હતો. મહિલાએ પૂછતાં આપણને કોઇ વાતચીત કરતા જોઇ ના જાય તે માટે રૂમમાં વાતચીત કરીશુ, તેમ કહ્યું હતુ. ત્યારબાદ એજન્ટે મહિલાને વાતોમાં પરોવી શરીર સંબંધ બાંધ્યો હતો. ત્યારપછી એજન્ટે તેના જન્મ દિવસે મહિલાને કલોલની હોટલમાં લઇ ગયો હતો અને ત્યાં પણ શરીર સંબંધ બાંધ્યો હતો. ફરીથી અડાલજની હોટલમાં લઇ ગયા પછી તેની સાથે લગ્ન કરી દીકરીને પણ જોડે રાખશે તેવું વચન આપ્યું હતુ. પરંતુ સમયજતા વચન ઉપરથી એજન્ટ ફરી જતા ધમકી આપી હતી કે, તુ મારી કઇ બગાડી નહિ શકે, હું તારી સાથે લગ્ન નહિ કરુ. જેથી મહિલાએ અડાલજ પોલીસ મથકમાં લોન એજન્ટ સાથે દુષ્કર્મનો ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી હતી.

તંત્રી લેખ........

# શેરબજારમાં સળંગ ચોથા દિવસે તેજી, સેન્સેક્સ ૧૫૦૦ પોઈન્ટ ઉછળી ૭૮૫૦૦ ક્રોસ

વૈશ્વિક સ્તરે પડકારોની અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતીય શેરબજાર મજબૂત ગતિ સાથે આગેકૂચ કરી રહ્યા છે. આજે સેન્સેક્સ અને નિફ્ટીમાં નબળી શરુઆત બાદ બપોરના સેશનમાં આકર્ષક તેજી જોવા મળી છે. સેન્સેક્સ ૧૫૦૦ પોઈન્ટ ઉછળી ૭૮૫૬૩નું લેવલ ક્રોસ કરવામાં સફળ રહ્યો છે. જ્યારે નિફ્ટી પણ ૨૩૭૦૦ની મજબૂત સાયકોલૉજિકલ સપાટી પર પરત ફર્યો છે.સેન્સેક્સ આજે નજીવા ઘટાડા સાથે ખૂલ્યા બાદ મૉર્નિંગ સેશનમાં ૧૩૦૦ પોઈન્ટની વોલેટિલિટી જોવા મળી હતી. બાદમાં ૧૧ વાગ્યાથી માર્કેટમાં સતત સુધારાનો માહોલ જોવા મળ્યો હતો. બપોરના સેશનમાં ૧૦૧૫ પોઈન્ટના ઉછળી ૭૮૦૬૦ની ટોચે પહોંચ્યો હતો. ૧૨.૪૮ વાગ્યે ૧૦૨૭.૯૩ પોઈન્ટના ઉછાળે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સાથે રોકાણકારોની મૂડી રૂ. ૩ લાખ કરોડ વધી હતી. ૧૨.૫૯ વાગ્યા આસપાસ ૧૧૨૮.૭૯ પોઈન્ટ કૂદી ૭૮૧૭૩.૦૮ના હાઈ લેવલે ટ્રેડ થઈ રહ્યો હતો.નિફ્ટીએ પણ આજની શરુઆત નરમ વલણ સાથે કરી હતી. જે બાદમાં ૨૫૦થી વધુ પોઈન્ટ ઉછળી ૨૩૭૦૦ની અત્યંત મહત્ત્વની સપાટી ક્રોસ કરવામાં સફળ રહ્યો હતો. ૧૨.૪૯ વાગ્યે ૨૯૪.૩૦ પોઈન્ટના ઉછાળે ૨૩૭૩૧.૫૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. નિફ્ટી૫૦માં ટ્રેડેડ ૪૨ શેર ગ્રીન ઝોનમાં જ્યારે ૮ શેર રેડ ઝોનમાં ટ્રેડ થઈ રહ્યા હતા.સ્થાનિક સ્તરે પોઝિટિવ ઈકોનોમી આઉટલૂક, આરબીઆઇ દ્વારા વ્યાજના દરોમાં વધુ ૦.૫૦ ટકા ઘટાડાના અહેવાલો અને મજબૂત નાણાકીય સ્થિતિને ધ્યાનમાં લેતાં બૅન્કિંગ અને ફાયનાન્સિયલ શેર્સમાં તેજી વધી છે. બીએસઈ બૅન્કેક્સ ૧૨૮૩.૬૨ પોઈન્ટ (૨.૦૭ ટકા) ઉછાળે ટ્રેડ થઈ રહ્યો છે. આઈસીઆઈસીઆઇ બૅન્ક, એસબીઆઇ, એચડીએફસીબૅન્ક, ઍક્સિસ બૅન્કના શેરોમાં વોલ્યુમ વધતાં બૅન્કેક્સ આજે ૬૨૦૭૬.૮૫ની ઓલટાઇમ હાઇ સપાટીએ પહોંચ્યો છે. ટેલિકોમ શેર્સમાં પણ ખરીદી વધી છે. બીએસઈ ખાતે ટેલિકોમ ઇન્ડેક્સ ૨.૩૫ ટકા ઉછાળે ટ્રેડ થઈ રહ્યો છે.

# અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલા કલોથ માર્કેટમાં શરણમ-પાંચ બિલ્ડિંગના ચોથા માળે કાપડના ગોડાઉનમાં ભીષણ આગ


અમદાવાદના ખોખરા વિસ્તારમાં આવેલા કલોથ માર્કેટમાં ગુરુવારે બપોરના સમયે ભીષણ આગ લાગી હતી. શરણમ-૫ નામના બિલ્ડિંગના ચોથા માળે આવેલા કાપડના ગોડાઉનમાં લાગેલી ભીષણ આગમાં જીન્સ સહિત કાપડનો જથ્થો બળીને ખાખ થઈ ગયો હતો.ચોથા માળે લાગેલી આગ બુજાવવા બારીના કાચ તોડવા પડયા હતા.પાંચ કલાક બાદ આગ કાબૂમાં આવી હતી.આગ લાગવાના સમયે કામ કરી



રહેલા દસ લોકોને ફાયર વિભાગ દ્વારા સલામત બહાર કાઢવામાં આવ્યા હતા. આગ લાગવાનુ ચોકકસ કારણ જાણી શકાયુ નથી.ખોખરા વિસ્તારમાં આવેલા શરણમ-૫ના કાપડના ગોડાઉનમાં આગ લાગવાનો કોલ મળતા બપોરના ૧૨.૩૦ કલાકના સુમારે ફાયર વિભાગ દ્વારા ગજરાજ,વોટર બાઉઝર ઉપરાંત ફાયર ફાઈટર સહિત કુલ છ વાહન સાથે ફાયરના અધિકારીઓ અને જવાનોને સ્થળ ઉપર દોડાવવામાં આવ્યા હતા.પાંચ માળના શરણમ-૫ના ચોથા માળે કાપડના જથ્થામાં આગ લાગી હોવાથી આસપાસના વિસ્તારમાં દુર દુર સુધી ધૂમાડો દેખાતા લોકો મોટી સંખ્યામાં ઘટના સ્થળે દોડી આવ્યા હતા. આગની ભીષણતાને જોતા ચીફ ફાયર ઓફિસર સહિત ફાયર વિભાગના અન્ય અધિકારીઓએ ફાયર ફાઈટીંગ માટે વધુ વાહન બોલવવા પડયા હતા.ચીફ ફાયર ઓફિસર અમિત ડોંગેરેએ કહયુ,લાગેલી આગને બુજાવવા બિલ્ડિંગની ફાયર સિસ્ટમનો ઉપયોગ કરવાની સાથે ફાયરના વાહનોની મદદથી પાણીનો સતત મારો ચલાવવામાં આવ્યો હતો. ચોથા માળે લાગેલી આગ બુજાવવા બારીના કાચ તોડવા પડયા હતા.બિલ્ડિંગના પાંચમા માળ ઉપર એક શેડ બનાવવામાં આવ્યો છે. આ શેડ કાયદેસર છે કે કેમ એ અંગે તપાસ કરવામાં આવશે એમ ચીફ ફાયર ઓફિસરે કહયુ છે.બપોરના સમયે લાગેલી આગ પાંચ કલાક પછી કાબૂમાં લઈ શકાઈ હતી. આગ કાબૂમાં આવ્યા પછી કુલિંગની કામગીરી ફાયર વિભાગ દ્વારા કરાઈ હતી.

# ગાંધીનગર સિલિન્ડર બ્લાસ્ટમાં ઘાયલ ફાયરકર્મીનું સારવારમાં મોત

ગાંધીનગરમાં એક દુ:ખદ ઘટના સામે આવી છે. સેક્ટર-૪માં ગત શુક્રવારે (૧૧ એપ્રિલે) રાત્રે થયેલા સિલિન્ડર બ્લાસ્ટમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ત્રણ ફાયર જવાનો પૈકી એક જવાનનું સારવાર દરમિયાન મોત નિપજ્યું છે. ૨૪ વર્ષીય રણજીત ઠાકોર ૨ મહિના પહેલાં આઉટસોર્સથી નોકરીમાં લાગ્યા હતા. આ દુ:ખદ પળે ત્યારે બની છે, જ્યારે તેની પત્ની ગર્ભવતી છે અને તેને ૮ માસનો ગર્ભ છે.ઘટના શુક્રવારે રાત્રે ૧૧:૩૦ વાગ્યે બની હતી. સેક્ટર-૪ના શોપિંગ સેન્ટર પાસે સુલભ શૌચાલય નજીકના ઝૂંપડામાં આગ લાગી હતી. ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી હતી. આગ બુઝાવવાની કામગીરી દરમિયાન અચાનક ગેસ સિલિન્ડરમાં બ્લાસ્ટ થયો હતો.બ્લાસ્ટમાં મહાવીરસિંહ ચૌહાણ, રણજીત ઠાકોર, વિપુલ રબારી અને ભૂપેન્દ્ર પટેલ દાઝ્યા હતા. ભૂપેન્દ્રને પ્રાથમિક સારવાર બાદ રજા આપવામાં આવી હતી. જ્યારે ગંભીર રીતે દાઝેલા ત્રણ જવાનોને અમદાવાદની ઝાયડસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.મૃતક રણજીત ઠાકોર માત્ર ૨૪ વર્ષનો હતો. તે ઉનાવા ગામનો રહેવાસી હતો. તે આઉટસોર્સથી ફાયર વિભાગમાં ફરજ બજાવતો હતો. તેની પત્ની આઠ મહિનાની ગર્ભવતી છે. રણજીત માત્ર બે-ત્રણ મહિના પહેલા જ નોકરીમાં જોડાયો હતો. ફાયર ઓફિસર રાજેશ પટેલના જણાવ્યા મુજબ, સારવાર દરમિયાન તેને બ્લડ પ્રેશરની તકલીફ હતી.રણજીત ઠાકોરના અવસાનથી ફાયર બ્રિગેડના કર્મચારીઓમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.




# આણંદ શહેર અને જીટોડિયા ગામમાં ઘરફોડ ચોરી કરનારો શખ્સ ઝડપાયો



આણંદ: આણંદ પાસેના જીટોડિયા અને આણંદ શહેરમાંથી ઘરફોડ ચોરીઓ કરનારા શખ્સને આણંદ એલસીબી પોલીસે આણંદના વિદ્યા ડેરી રોડ ઉપરથી ઝડપી પાડયો હતો. પોલીસે આરોપી પાસેથી સોનાના દાગીના સહિત રૂા. ૭૫ હજારનો મુદ્દામાલ કબજે લીધો હતો.

આણંદ એલસીબી પોલીસની ટીમ ઘરફોડ ચોરીઓના ગુના ઉકેલવામાં લાગી હતી. દરમિયાન એક શખ્સ ચોરીના મુદ્દામાલ સાથે વિદ્યા ડેરી રોડ ઉપર આવેલ વેટરનરી કોલેજની ચોકડી નજીક ઉભો હતો. ત્યારે ટીમે શખ્સને શકમંદ હાલતમાં ઝડપી પાડયો હતો. પોલીસે તેની અંગ જડતી લેતા તેની પાસેથી સોનાનું મંગળસૂત્ર, કાનની બુટ્ટી સહિતની ચીજ વસ્તુઓ મળી આવી હતી. પોલીસની પૂછપરછમાં તે અવતારસિંગ રણજીતસિંહ સરદાર રહે. બોરસદ ચોકડી, એકતાનગર, આણંદવાળો હોવાનું જણાવ્યું હતું. તેની પાસેથી મળેલી વસ્તુ અંગે તે કોઈ સંતોષકારક જવાબ આપી શક્યો ન હતો. જેથી પોલીસે રૂપિયા ૭૫ હજારનો મુદ્દામાલ કબજે લઈ વધુ પૂછપરછ કરતા આણંદ શહેર તથા આણંદ પાસેના જીટોડીયા ગામેથી તેણે ઘરફોડ ચોરીઓ કરી હોવાની કબૂલાત કરી હતી. ઘરફોડ ચોરીઓમાં તેની સાથે મહેમદાવાદનો ડોન સરદાર અને આણંદનો ગોપે ઉર્ફે ટકલો રામસિંહ સરદાર પણ સામેલ હોવાનું ખુલવા પામ્યું હતું. પોલીસે આરોપીને આણંદ ગ્રામ્ય પોલીસના હવાલે કર્યો હતો.

ઝડપાયેલ અવતારસિંગ સરદાર અને તેના સાગરીતોએ ત્રણેક માસ પૂર્વે આણંદ પાસેના જીટોડીયા, આણંદ શહેરના ઈન્દિરા સ્ટેચ્યુ નજીકની સોસાયટી તથા અંબા માતાના મંદિર નજીકની સોસાયટીમાં આવેલા મકાનમાં ઘરફોડ ચોરીઓ કરી હોવાનું ખુલ્યુંછે. જીટોડીયા ગામે ચબૂતરી પાસેના લીમડાવાળા ફળિયામાં મહેન્દ્રભાઈ ચાવડાના મકાનમાંથી રૂપિયા એક લાખ ઉપરાંતના સોના- ચાંદીના દાગીનાની ચોરી કરી હતી.

# ધર્મજ પાસે રિક્ષામાંથી બે લાખના ગાંજા સાથે ત્રણ શખ્સો પકડાયા

આણંદ: પેટલાદના ધર્મજ ગામ પાસેથી સીએનજી રિક્ષામાંથી ૨ લાખનો ૨૦.૧૮૦ કિલો ગાંજો લઇને જઇ રહેલી સુરેન્દ્રનગરની બે મહિલા સહિત ત્રણ વ્યકિતને એસઓજીએ ઝડપી પાડયા હતા. ગાંજો, રિક્ષા, ૪૪ હજારની રોકડ સહિત ૩ લાખનો મુદ્દામાલ એસઓજીએ જપ્ત કર્યો હતો. આ ત્રણ આરોપીને પેટલાદ ગ્રામ્ય પોલીસને હવાલે કરતા ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગરના નીલુબેન સૈયદ કાદરી અને નીરૂબહેન સોલંકી રિક્ષામાં ગાંજાનો જથ્થો લઇ બોરસદ ધર્મજ હાઇવે પરથી તારાપુર તરફ જવાની હોવાની એસઓજીને બાતમી મળતા ટીમે ધર્મજ ચોકડીના ઓવરબ્રિજ પાસે વોચ ગોઠવી હતી.બોરસદ તરફથી રિક્ષા આવતા ઉભી રખાવી હતી અને પોલીસે પૂછપરછ કરતા રિક્ષા ચાલક વનરાજ ઉર્ફે વનો ચતુરભાઇ તલસાણીયા ( રહે. સુરેન્દ્રનગર) અને નીલુબહેન અબ્દુલ સૈયદ કાદરી અને નીરૂબહેન બળદેવ સોલંકી (બંને રહે. સુરેન્દ્રનગર) હોવાનું જણાવ્યું હતું.

પોલીસે રિક્ષામાં તપાસ કરતા પાછળની સીટના ભાગે પ્લાસ્ટિકનો થેલો મળી આવ્યો હતો અને તપાસ કરતા વનસ્પતિજન્ય ગાંજો જેવા પદાર્થ હોવાનું પ્રાથમિક દ્રષ્ટિએ જોવા મળ્યું હતું. પોલીસે એફએસએલની ટીમને ઘટના સ્થળે બોલાવીને તપાસ કરી હતી થેલામાંથી મળેલા પદાર્થનો કીટથી પરીક્ષણ કરતા ગાંજો હોવાનું ખૂલ્યું હતું. પોલીસે અંદાજીત ૨.૦૧ લાખનો ૨૦.૧૮૦ કિલો ગાંજો જપ્ત કર્યો હતો. પોલીસે ગાંજાનો જથ્થો, રિક્ષા રોકડ સહિત ૩ લાખથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો છે.ગાંજા સાથે પકડાયેલી બે મહિલા અને રિક્ષા ચાલકને ગ્રામ્ય પોલીસને હવાલે કરતા પેટલાદ ગ્રામ્ય પોલીસે વનરાજભાઈ ઉર્ફે વનો તલસાણીયા, નીલુબેન સૈયદ કાદરી અને નીરૂબેન સોલંકી વિરુદ્ધ એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે. આ ત્રણેય આરોપીના પોલીસે રિમાન્ડ મેળવવા માટે તજવીજ હાથ ધરી છે.

Editor,owner,printer & publisher: Pradip Raval printed at sarvoday offset,13.gajanan estate idgah choky,Ahmedabad & published from 2567,gozaria's pole.Halim's khadki,shahpur.Ahmedabad -380001

તંત્રી ,માલિક, મુદ્રક અને પ્રકાશક : પ્રદીપભાઈ રાવલે સર્વોદય ઓફસેટ.૧૩.ગજાનન એસ્ટેટ.ઇદગાહ ચોકી પાસે.અમદાવાદ.ખાતે છપાવીને ઘર.નં:૨૫૬૭,ગોઝારીયા પોળ,હલીમની ખડકી.શાહપુર.અમદાવાદ-૩૮૦૦૦૧ ખાતેથી.પ્રસિદ્ધ કર્યું